ગુજરાતમિત્ર
શુક્રવાર ૨૦ માર્ચ, ૨૦૨૬

રિશ્તે

લોકો પોતાના બચ્ચાઓનું એડમિશન પ્રાઈવેટ નર્સરી કે સ્કુલમાં કરાવવાનું વધારે પસંદ કરે છે. તેમને એવું લાગતું હોય છે કે બાળકને અદ્યતન સુવિધાવાળું સ્કિલ બેઝડ એડયુકેશન અને ખેલકૂદની સ્માર્ટ સુવિધાઓ પ્રાઈવેટ નર્સરી, પ્રાઈવેટ સ્કૂલમાં જ મળી શકે સરકારીમાં નહીં, પણ જો તમે SMC સંચાલિત આંગણવાડીઓ તરફ નજર કરશો તો બાળકોને રમવા માટે રમકડાં, તેમના બર્થડેનું સેલિબ્રેશન, બાળકોમાં રહેલી સ્કીલ્સને બહાર લાવવા માટે કરાતા એફર્ટ પ્રાઈવેટ નર્સરી ને પણ ટપી જાય એવા હોય છે. આર્થિક રીતે જેઓ સધ્ધર નથી તેમના બાળકોના પોષણ, આરોગ્ય, વેકસીનેશન, પૂર્વ શિક્ષણની જવાબદારીઓ તો ICDS પ્રોગ્રામ અંતર્ગત આંગણવાડીઓમાં ઉઠાવવામાં આવે જ છે પણ સાથે સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓ માટે પણ આંગણવાડીઓમાં એટલું અવનવું થાય છે કે તે તમે જોઈને આશ્ચર્યમાં ગરક થઈ જશો. અહીં આગણવાડીઓમાં બેબી શાવર (ગોદ ભરાઈ) પણ થાય છે, બાળકને પહેલીવાર ઉપરનું ભોજન આપવા માટે અન્નપ્રાશન પ્રસંગ પણ સેલિબ્રેટ થાય છે. બાળકોને સ્પેશ્યલ ફીલિંગ્સ માટે બર્થડે પાર્ટી પણ થતી હોય છે અને રિટર્ન ગીફ્ટ પણ આપવામાં આવતી હોય છે. આંગણવાડીઓમાં વિવિધ પ્રસંગમાં કેવી ધૂમ રહેતી હોય છે અને આવા પ્રસંગો કેમ ઉજવાય છે તે પણ આપણે જાણીએ...

**SMCની સ્માર્ટ આંગણવાડીઓ**

# બેબી શાવરનો પ્રસંગ પણ ઉજવાય છે, બાળકના અન્નપ્રાશન પર ફુલહાર-રમકડાથી સ્વાગત





## બર્થડેનું સેલિબ્રેશન પણ થાય, રિટર્ન ગીફ્ટ પણ અપાય

આંગણવાડીમાં બાળકોના શાળામાં પ્રવેશ, પૂર્વ શિક્ષણની, તેના પોષક આહારની તેના આરોગ્યની સંભાળ લેવાતી હોય. શૂન્યથી ત્રણ વર્ષનું બાળક આંગણવાડીમાં રેગ્યુલર ના આવતું હોય પણ ત્રણથી 6 વર્ષનું બાળક પૂર્વ શિક્ષણ માટે આંગણવાડીમાં રેગ્યુલર આવતું થાય. બાળ દિવસ અંતર્ગત ત્રીજા મંગળવારે એ મહિનામાં જેટલાં પણ બાળકના જન્મદિવસ હોય તે બધાની બર્થડે સેલિબ્રેટ કરવામાં આવે છે. બર્થડે ગર્લ કે બોયને બર્થડે ટિયારા પહેરાવવામાં આવે. આંગણવાડીની કાર્યકર બહેનો બર્થડેની કેક સુજી કે ફ્રુટની બનાવે અથવા દાતા તરફથી કેક આપવામાં આવી હોય તે કટ કરાય. બાળકને પણ ગીફ્ટ આપવામાં આવે અને બર્થડેમાં આવેલા બીજા બાળકોને પણ ગીફ્ટ અપાય. ગિફ્ટમાં ક્રેઓન અને ચિત્રપોથી મોટાભાગે આપવામાં આવે છે.



## કિશોરીઓને સીવણ અને બ્યુટીપાર્લરના કોર્સ કરાવાય છે

આંગણવાડીમાં મહિનાનો ચોથો મંગળવાર પૂર્ણા દિવસ તરીકે ઉજવાય છે. આંગણવાડીઓમાં રજીસ્ટર્ડ કિશોરીઓના કૌશલ્ય વર્ધન માટે તેમને NGOના સંપર્કથી મહેંદી, સીવણ, બ્યુટીપાર્લરના કોર્સ કરાવવામાં આવે છે એટલે કે આ કોર્સની ફિસ NGO દ્વારા ભરવામાં આવતી હોય છે. કિશોરીઓને વેસ્ટમાંથી બેસ્ટ બનાવતા પણ શીખવાડવામાં આવે છે. આ ઉપરાંત તેઓ ચાલતા કે કૂદતા શિક્ષણ મેળવે એવી રિતની રમતો રમાડવામાં આવે છે. જેમકે, આંગણવાડીમાં પગલાં બનાવવામાં આવેલા હોય તેની પર કૂદતા કૂદતા કિશોરીઓ રમે છે, લખોટી ઉપરાંત કેરેમ રમાડાય છે.

## બાળકના અન્નપ્રાશન પ્રસંગે બાળકનું ફુલહારથી અને અનેક રમકડાથી સ્વાગત



મહિનાના ત્રીજા મંગળવારે 6 મહિનાના બાળકનો અન્નપ્રાશન પ્રસંગ અને બાળ દિવસ ઉજવાય છે. જન્મ બાદ 6 મહિના સુધી બાળક તેની માતાના ધાવણ પર જ હોય ત્યારબાદ તેને ઉપરી આહાર આપવાની શરૂઆત કરાય છે. જ્યારે પહેલીવાર તેને બહારનું અન્ન ખવડાવાય તે અન્નપ્રાશન પ્રસંગ કહેવાય. બાળકને માતા આંગણવાડીમાં લઈ આવે ત્યારે બાળક અને તેની માતાના હેન્ડ વોશ કરાય પછી બાળકનું તિલક કરાય છે અને ફૂલોની માળા પહેરાવીને કે પછી ગુલાબના ફુલથી તેનું સ્વાગત કરાય છે. આ પ્રસંગે બાળકના દાદા-દાદી, તેના પિતા અને ભાઈ બહેનને પણ બોલાવાય છે. એક વાટકીમાં બાલશક્તિ પ્રીમિક્સ ફૂડમાંથી બનાવેલી રાબ વાટકીમાં મૂકી બાળકની મમ્મીને બાળકના જીભ પર રાબ મુકવાનું કહેવાય. ત્યારે બાળક પાસે ફ્રુટ મુકાય અને રમકડાં મુકાય ઉપરાંત પોષક આહારની વસ્તુઓ મુકી બાળકના પૌષ્ટીક આહાર બાબતે માતાને સજાવવામાં આવે છે.



## આંગણવાડીમાં ગોદ ભરાઈ (બેબી શાવર) પ્રસંગ પણ ઉજવાય છે

આંગણવાડીમાં મહિનાના પહેલા મંગળવારે સુપોષણ સંવાદ અંતર્ગત સગર્ભા મહિલાની સીમંત વિધિ જેને ખોળો ભરવો કે પછી બેબી શાવર કહેવાય છે તે ઉજવાય છે. જો સગર્ભા હિન્દૂ હોય તો તેને માથે લાલ ચૂંદડી ઓઢાવવામાં આવે અને ક્રિશ્ચિયન હોય તો વ્હાઈટ કલરનો દુપટ્ટો ઓઢાવવામાં આવે. તેના હાથમાં નારિયેળ આપવામાં આવે ઉપરાંત પોષણ કીટ આપવામાં આવે જેમાં મગ, ખડી સાકાર, ચણા, ચીક્કી, લાડુ હોય. તેને ભેંટ તરીકે સ્ટીલની થાળી, વાટકી આપવામાં આવે. આ પ્રસંગે બીજી સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓને બોલાવવામાં આવતી હોય છે જેમને નાસ્તો કરાવતો હોય. આવી ગોદ ભરાઈની વિધિ પાંચમા કે સાતમા મહિને કરાય છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સગર્ભા મહિલાએ પોષણ કીટ આપીને તે તેના શરીર માટે કેટલું જરૂરી છે તેનું ગાઈડન્સ આપવામાં આવે છે.



## બાળક માટીથી રમે તે જરૂરી છે એટલે બનાવ્યો સેન્ડપીટ એરિયા

બાળકોના હાથનો, તેમની આંગળીઓનો વિકાસ થાય, તેની ઈમેજીનેશન શક્તિ સ્ટ્રોંગ બને એ માટે બાળકોને માટીથી રમાડવા જોઈએ. કતારગામ ઝોનમાં ફુલપાડાની આંગણવાડીમાં સેન્ડપીટ એરિયા બનાવવામાં આવ્યો છે, જયાં દરિયાઈ માટી પાથરવામાં આવી છે. તેમાં બાળકો પોતાની કલ્પનાશક્તિ પ્રમાણે માટીમાંથી અલગ અલગ શેપ બનાવે. અહીં સેન્ડપીટ એરિયામાં ખાના પણ બનાવાયા છે જેમાં બાળકોએ માટીમાંથી જે વસ્તુઓ બનાવી હોય તે મુકવામાં આવે છે. આ સેન્ડપીટ એરિયાને કારણે આંગણવાડી પ્રાઈવેટ નર્સરીને પણ ટક્કર મારે છે.

**પરંપરા વહી... સોચ નયી!**

# લગ્નની જેમ હલ્દી-કુમકુમ ઈવેન્ટ અને નાચગાનની રિલ્સ સમય સાથે ગણગૌર ઉજવણીની બદલાઈ સ્ટાઈલ

LifeStyle Trends

જેમ ગુજરાતી કુંવારી કન્યાઓના અલુણા અને ગૌરીવ્રત હોય છે, બસ આવો જ ઉત્સવ રાજસ્થાની મહિલાઓનો હોય છે જેને ગણગૌર કહેવામાં આવે છે. ગણગૌરમાં પણ શિવ અને પાર્વતીને પૂજવામાં આવે છે. અત્યારે તમે વેસુ, સિટીલાઈટ, પર્વતપાટિયા, ડુંભાલ આ વિસ્તારોમાં જશો તો રાજસ્થાની પરિવારોમાં ગણગૌરના ગીતો સાંભળવા મળશે. લગ્ન બાદ પહેલી હોળી ઉજવવા પિયર આવેલી નવવિવાહિતા અને કુંવારી કન્યાઓ ઈસર (શિવજી) અને ગોર (પાર્વતી)ની મૂર્તિઓ કોઈના ઘરે પૂજવા લઈ જતી જોવા મળશે. તે પારંપરિક રાજસ્થાની વેશભૂષામાં દેખાશે, તે ગણગૌરના પારંપરિક ગીતો ગાતી અને મજાક મસ્તી કરતી જોવા મળશે. પહેલાના ગણગૌરમાં અને અત્યારના ગણગૌરમાં જમાના પ્રમાણે શું ફેરફાર આવ્યો છે, સોશ્યલ મીડિયાનો જમાનો છે તો ગણગૌર ઉત્સવમાં કયા પ્રકારની રિલ્સ બનાવાય છે, ગણગૌરના ગીતોમાં હિન્દી ફિલ્મી ગીતોને કઈ રીતે વણી લેવાય છે, કેમ હવે મોટા હોલ ભાડે રાખી એક દિવસનો ગણગૌર ઉત્સવ મનાવે છે ? તેના વિશે જાણીએ...





## પહેલા લાકડીની ગણગૌર જોધપુર, બિકાનેરમાંથી લાવતા

ગણગૌર 16 દિવસનું પર્વ હોય. હોળી પ્રગટે તેના બીજા દિવસે તેની રાખમાંથી પિંડીઓ બનાવી તેની પૂજા કરાય. 9માં દિવસે કુંભાર પાસેથી માટીના ઈસર ગોરની મૂર્તિઓ બનાવીને લાવવામાં આવે. તેને બહાર ફેરવવામાં પણ આવે. આ ઈસર ગોર લાકડીના પણ બનાવાય છે જે પહેલા જોધપુર, બિકાનેરથી સુરત લાવવામાં આવતા તે હવે સુરતમાં રાજસ્થાની સમાજ જે વિસ્તારોમાં વસ્યા છે ત્યાં રાજસ્થાની લોકોની દુકાનમાંથી મળે છે. 2, 3, 4 ફૂટના ઈસર ગોરની પ્રતિમાની શોભાયાત્રા નીકળે પણ તેનું વિસર્જન નથી થતું જોકે, માટીમાંથી બનાવેલી ઈસર ગોરની પ્રતિમાનું વિસર્જન થતું હોય છે. શીતલા અષ્ટમીથી માટીના ગણગૌર એક સહેલીના ઘરેથી બીજી સહેલી કે જે નજીક જ રહેતી હોય તેના ઘરે લઈ જવાય. બધી સહેલીઓ ભેગી થઈને ગણગૌરના ગીતો ગાય હસી મજાક કરે, પણ શહેરોમાં બધા દૂર દૂરના વિસ્તારોમાં રહેતા હોય એટલે મહિલા મંડળો એક હોલ ભાડેથી લઈ એક દિવસનો ગણગૌરનો ઉત્સવ કરે. પોતાના ગણગૌરને સજાવીને લાવે, લોકોગીતો ગાય, મોજમસ્તી કરે. આ એક ડીફરન્સ હવે જોવા મળે છે.





## લગ્નની જેમ હવે ગણગૌરમાં પણ હલ્દી-મહેંદીના ફંક્શન થાય છે



પ્રભા શર્માએ જણાવ્યું કે પહેલા ગણગૌરમાં મહેંદી લગાવતા પણ લગ્નમાં જેમ મહેંદી, હલ્દી ફંક્શન હોય છે એવા ફંક્શન હવે ગણગૌરમાં થવા લાગ્યા છે. અત્યારની જનરેશન એક દિવસ ગણગૌરની હલ્દીનું ફંક્શન, એક દિવસ મહેંદીનું ફંક્શન રાખે. હવે તો મહેંદી, હલ્દીની પ્લેટર પણ મળે છે. મહેંદીના ડેકોરેટિવ કોન પણ મળે. હલ્દી અને મહેંદીના ફિલ્મી ગીતો પણ ગણગૌરમાં ગાવામાં આવે છે. મહેંદી ફંક્શનમાં મહેંદી કલરના ડ્રેસ અને મહેંદી કલરની ફલાવર્સની જવેલરી હોય તો હલ્દી ફંક્શનમાં યેલો કલરના કપડાં અને ફલાવર્સ જવેલરી હોય.

## ઘઉંના જવારા હવે બજારમાંથી તૈયાર લાવવામાં આવે છે



ગણગૌર પર્વ ઘઉનો પાક તૈયાર થાય છે ત્યારે ઉજવાય છે. ગણગૌરની પૂજામાં ઘઉ અથવા જવના જવારા ઉગાડવામાં આવે છે. હોળી પછીથી માટીના પાત્રમાં બિયા રોપવામાં આવે છે. અંકુરિત છોડ માતા પાર્વતીને અર્પણ કરાય છે. પહેલા તો તે ઘરે જ ઉગાડતા પણ હવે તે બજારમાંથી તૈયાર મેળવવામાં આવે છે. પર્વત પાટિયા, વેસુ, સિટીલાઈટ વિસ્તારમાં આવા તૈયાર જવારા મળતા હોય છે.



## ફિલ્મી ગીતોના રાગ પર ગણગૌરના ગીત બનાવીને ગાવામાં આવે છે

અત્યારની જનરેશન અને શહેરમાં રહેતી નવવિવાહિતા અને કુંવારી કન્યાઓ ગણગૌરના પારંપરિક ગીતોથી બહુ પરિચિત નથી હોતી તો બોલીવુડના ગીતોની લાઈનમાં ઈસર (શિવ) ગોર (પાર્વતી)ના નામ જોડીને ગણગૌરના ગીતો બનાવીને ગાય છે. જેમકે, હિન્દી સોંગ છે કૌન દિશા મેં લે કે ચલા રે તો તેમાં ઈસરને જોડીને ગણગૌરનું ગીત બનાવાયું છે. પહેલાં ગણગૌરને જે પાણી પાવામાં આવતું તે કુંવામાંથી લાવવામાં આવતું. સુરતમાં વસેલા રાજસ્થાની પરિવાર સિટીમાં કુંવા મળવા મુશ્કેલ હોય એટલે મંદિરનું પાણી લેતા હોય છે. રાજસ્થાનમાં પહેલાના સમયમાં ફૂલ મળવા મુશ્કેલ હતાં તો મહિલાઓ એક બે કિલો મીટર દૂર જઈને કેસૂડાના ફૂલ લાવતી જે ગણગૌરની પૂજામાં લેવાતા હવે તો સુરત સિટીમાં પોતાના ઘરના ગાર્ડનના ફૂલો કે ફુલવિક્રેતાને ઘરે અલગ અલગ પ્રકારના ફૂલો મોકલી આપવા કહેતી હોય. આ રીતે હવે ફૂલો આસાનીથી મેળવી પૂજા કરવામાં આવે છે.


## હવે ગણગૌરની રિલ્સ પણ બને છે

હવે તો સોશ્યલ મીડિયાનો જમાનો છે એટલે અત્યારની જનરેશનમાં રિલ્સ બનાવવાનો અને તેને ઈન્સ્ટા. પર મુકવાનો ટ્રેન્ડ છે. ગણગૌરમાં પણ રિલ્સ બનાવવાનો ટ્રેન્ડ છેલ્લાં કેટલાંક વર્ષોથી છે . રાજસ્થાની વેશભૂષા, જવેલરી અને લોકગીતોની સાથે માતા પાર્વતી અને શિવજીની પૂજાની રિલ્સ બનાવાય છે. 'ઘૂમર' ડાન્સ, ઈસર-ગૌરની મૂર્તિઓ સાથે શોભાયાત્રાની રિલ્સ અને ટ્રેડિશનલ ગીતો પરની રિલ્સ લોકપ્રિય છે. પારંપરિક ઘૂમર કરતી વેળા સ્લો મોશન વીડિયો, ગણગૌરની સ્થાપના, પૂજા અને સિંજારાની ઝલક બતાવતા વીડિયો બનાવાય છે.

**મેરી સુરત ટેઢી આંખે**

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**




## ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ, બતાવ્યો સુરતીઓએ ટેમ્પરામેન્ટ...

કહે છે આખી દુનિયા અમને 'લહેરીલાલા', ફરવા માટે અમે શોધીએ સ્થળ નીતનિરાલા... ખુલ્લું મુકાયું ડુમસ સી ફેસ અને દોડી ગયા લઈને અમે અમારો ચમકતો ફેસ... ભલે દૂર મૂકવા પડ્યાં વાહન અને ચાલવાનું કર્યું સહન, ભરચક ભીડમાં પણ અમે સી ફેસને જોવામાં થયા મગન... નવું સ્થળ જોવાની અમને કાયમ હોય છે લ્હાય, ભલે પછી ના હોય તંત્રની કોઈપણ સહાય... કચરો કરવાની અમારી છે લત, ફરવાના સ્થળ કોઈપણ હોય બગાડવાની છે અમારી આદત...